# અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથમાં ધોધમાર વરસાદ

**સૌરાષ્ટ્ર પર મેઘરાજા થયા મહેર : ધારી, સાવરકુંડલા, ખાંભા અને રાજુલામાં પણ સમયસર મેઘમહેર થતાં ખેડૂતોના ચહેરા પર ખુશીની લહેર જોવા મળી રહી છે**

રાજકોટ,તા.૧૬

અમદાવાદ સહિત ગુજરાતભરમાં વરસાદનું આગમન થઈ ગયું છે. સૌરાષ્ટ્રમાં પણ મનભરીને મેઘરાજા વરસતાં સ્થાનિકોને ગરમી અને બફારાથી રાહત મળી છે. જૂનાગઢના માંગરોળમાં તો પહેલા જ દિવસે ધડબડાટી બોલાવતાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. લાલબાગ વિસ્તારમાં દિવાલ ધસી પડતાં બે વ્યક્તિને ઈજા પહોંચી હતી. માણાવદમાં અઢીં ઈંચ તો વંથલીમાં એક ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજકોટ જિલ્લામાં બુધવારે સતત પાંચમા દિવસે વરસાદ વરસ્યો હતો. ઉપલેટા, આટકોટ અને ગોંડલ પંથકમાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. રાજકોટના મેટોડામાં વીજળી પડતાં એક યુવકનું મોત નીપજ્યું હતું. ઘોઘા અને ગારીયાધારમાં પણ વરસાદ શરૂ થઈ ગયો છે. ધારી ગીર વિસ્તારની નદીઓમાં તો ઘોડાપૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. બુધવારે ધારી, સાવરકુંડલા, ખાંભા અને રાજુલામાં પણ મેઘમહેર થઈ હતી. ગીર જિલ્લાના વેરાવળમાં પોણો ઈંચ, તાલાલા ગીરમાં ૨.૧૨ ઈંચ વરસાદ પડ્યો હતો. બુધવારે માંગરોળમાં સીઝનનો પહેલો વરસાદ પડ્યો હતો. વહેલી સવારથી જ વરસાદ વરસવાનું શરૂ થયું અને ૪.૩ ઈંચ ખાબક્યો હતો. વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જૂનાગઢના માણાવદર શહેર અને પંથકમાં સવારથી મેઘરાજા મન મૂકીને વરસતા ચાર કલારમાં અઢી ઈંચ વરસાદ પડ્યો હતો. જેના કારણે રસ્તા પર પાણી પાણી થઈ ગયું હતું. ભાવનગર શહેર અને જિલ્લામાં બપોર બાદ વરસાદ વરસવાનું શરૂ થયું હતું. જિલ્લાના ઉમરાળામાં ૧.૫ ઈંચ, ભાવનગર શહેરમાં પોણો ઈંચ, તળાજા અને વલ્લભીપુરાં ૦.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમરેલી જિલ્લામાં છેલ્લા આઠ દિવસથી મેઘરાજા મહેરબાન થયા છે. બુધવારે ધારી, સાવરકુંડલા, ખાંભા અને રાજુલામાં વરસાદ પડ્યો હતો. ધારીના જીરા ડાભાળીમાં ધોધમાર વરસાદ વરસતા વોકળામાં બે ભેંસ તણાતા બચી હતી. ઉના તાલુકામાં એક કલાકમાં વીજળીના કડાકા ભડાકા સાથે પોણો ૧થી ૧.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. સોમનાથ અને વેરાવળમાં પોણો ઈંચ વરસાદ પડ્યો હતો. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તાલાલા ગીરમાં સવારથી સાંજ સુધીમાં ૨ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજકોટના ઉપલેટા, આટકોટ અને ગોંડલ પંથકમાં દિવસભરના ભારે બફારા અને ઉકળાટ બાદ સાંજના સમયે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.





# રાજ્યમાં કોરોનાના વધુ ૨૨૮ કેસ

**છેલ્લા એક સપ્તાહથી નવા કેસમાં ફરી સતત વધારો : ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં એકપણ મોત થયું નથી કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૨૬ હજાર ૯૪૦ થઈ**

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં કોરોનાનો વિસ્ફોટ થયો છે. રાજ્યમાં મહિનાઓ બાદ કોરોના સંક્રમણના ૨૦૦થી વધુ કેસ સામે આવ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૨૨૮ કેસ નોંધાયા છે. રાહતની વાત છે કે છેલ્લા ૨૪ કલાકમાં એકપણ મોત થયું નથી. કોરોનાની સારવાર બાદ રાજ્યમાં ૧૧૭ લોકો સાજા થયા છે. નવા કેસ બાદ રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૧૨ લાખ ૨૬ હજાર ૯૪૦ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૯૪૬ લોકોના મોત થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૧૧૪ કેસ સામે આવ્યા છે. વડોદરામાં ૨૬, સુરતમાં ૨૦, રાજકોટમાં ૧૪, જામનગરમાં ૭, સુરત ગ્રામ્યમાં ૬, નવસારીમાં ૫, ભરૂચમાં ૪, ગાંધીનગર જિલ્લામાં ૮, વડોદરા ગ્રામ્ય ૪, આણંદ ૩, મહેસાણા ૩, વલસાડ ૩, અમદાવાદ ગ્રામ્ય ૨, અમરેલી ૨, કચ્છમાં ૨, મોરબીમાં ૨ કેસ સામે આવ્યા છે. તો ભાવનગર, જામનગર, પંચમહાલ, પાટણ અને પોરબંદરમાં એક-એક કેસ નોંધાયો છે.

ગુજરાતમાં નવા કેસ વધવાની સાથે એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦૨ પહોંચી ગઈ છે, જેમાં ૩ દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨ લાખ ૧૪ હજાર ૮૯૨ લોકો સાજા થયા છે. તો કોરોનાથી અત્યાર સુધી ૧૦૯૪૬ લોકોના મોત થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૯.૦૨ ટકા છે.

ગુજરાતમાં આજે કોરોના વેક્સીનના ૮૫ હજાર ૭૩૮ ડોઝ આપવામાં આવ્યાં છે. આમ રાજ્યમાં અત્યાર સુધી કોરોના વેક્સીનના ૧૧ કરોડ ૭ લાખ ૧૯ હજાર ૪૦૩ ડોઝ આપવામાં આવ્યાં છે. જેમાં પ્રથમ અને બીજા ડોઝ અને પ્રિકોશન ડોઝનો સમાવેશ થાય છે.

# વિધાનસભા ચૂંટણી પહેલાં વિવિધ સમાજની બેઠકોનો દોર શરૂ થયો

**જાફરાબાદ તાલુકામાં બેઠકનું આયોજન : ચૂંટણી પહેલા ૪ તાલુકાને લઇને કોળી સમાજની તૈયારી, સતત બીજા દિવસે કરી મોટી બેઠક**

અમરેલી, તા.૧૬

ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલાં વિવિધ સમાજની બેઠકોનો દોર શરૂ થયો છે. જે અંતર્ગત અમરેલીના જાફરાબાદમાં કોળી સમાજની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક જાફરાબાદના ચાંચ બંદર ખાતે કરવામાં આવી હતી. જેની અધ્યક્ષતા અમરેલી જિલ્લા કોળી પ્રમુખ કરણ બારૈયાએ કરી હતી.

મહત્વનું છે કે આ અગાઉ કરણ બારૈયાના કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે હાજરી આપી હતી. જેથી આ બેઠક અગત્યની માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભામાં ૩૩ ટકા મતદારો કોળી સમાજના છે. તો બીજી તરફ સૌરાષ્ટ્રના કોળી સમાજના દિગ્ગજ નેતાઓ એકમત થઈ ગયા. ગઈકાલે બુધવારે એકબીજા સામેના વિવાદથી ચર્ચામાં રહેતા કુંવરજી બાવળીયા અને દેવજી ફતેપરા એક મંચ પર આવ્યા હતા.રાજકોટની હોટલમાં કોળી સમાજના આગેવાનો સાથે મહત્વની બેઠક કરી હતી.જસદણ બેઠક પર કોળી સમાજને ટિકિટ આપવાની માગ અને તેને લગતી યોગ્ય રજૂઆતોને પગલે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ચૂંટણીલક્ષી સમાજની બેઠકમાં બાવળીયા અને ફતેપરા જે એકબીજાથી નારાજ હતા તે સમાજ સમાજ કરી મત માટે મનભેદ દૂર કરી એક સુરે જોવા મળ્યા હતા.

જાતિ જ્ઞાતિના સમીકરણોને માનો કે ન માનો પણ તેને સૌથી વધુ રાજકીય પક્ષો પણ પ્રાધાન્ય આપે છે અને તેની અસર વળી જે તે સમાજો પર પણ જોવા મળતી જ હોય છે. તેમાં પણ જ્ઞાતિનું જે ફેક્ટર છે તેમાં જે જ્ઞાતિની વસતી વધુ હોય તે જ્ઞાતિના સમીકરણો સૌથી વધુ અસરકર્તા સાબીત થતા હોય છે.

તેમાં પણ ઠાકોર, કોળી, પાટીદાર અને આદિવાસીની વસતી ટકાવારીને રીતે સૌથી વધુ ગુજરાતમાં હોવાને કારણે આ જ્ઞાતિના સમીકરણને રાજકીય પક્ષો બહુ નજરઅંદાજ નથી કરી શકતી. તે વાત સ્વાભાવિક રીતે સમાજ અને સમાજના આગેવાનો જાણે જ છે એટલે જ તો અત્યાર સુધીનો ઈતિહાસ છે કે સામાજીક મેળાવડાઓ અને સામાજીક બેઠકોનો દોર પણ ચૂંટણી નજીક આવતા જ આપણે વધતો જોતા આવ્યા છીએ. તેવું જ વાતાવરણ આપણે ગુજરાતમાં ફરીએકવાર જોઈ રહ્યા છીએ.

# ગુજરાત યુનિવર્સિટી શરૂ કરશે ઓનલાઈ ડિગ્રી કોર્ષ

**ગુજરાત યુનિવર્સિટીની અનોખી પહેલ : અન્ડર ગ્રેજ્યુએટના કોર્ષમાં બીસીએ, બીએ અને બીકોમ જેવા અભ્યાસ માટે ઓનલાઇન ડિગ્રી આપવાની શરૂઆત કરાશે**

અમદાવાદ,તા.૧૬

કોરોના કાળ બાદ ઓનલાઈન એજ્યુકેશન એક ક્રાંતિના રૂપે ઉભરીને સામે આવ્યું છે. તેમાંય હવે ઘણા વિધાર્થીઓને ઓનલાઈન અભ્યાસમાં વધુ રસ પડ્યો છે. ત્યારે જે વિધાર્થીઓ ઓનલાઈન ડિગ્રી કોર્સ કરવા માંગે છે તેઓ માટે મહત્વના સમાચાર ગુજરાત યુનિવર્સિટીમાંથી સામે આવ્યા છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા હવે ઓનલાઈન ડિગ્રી માટે કોર્ષ શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે માટે આગામી સપ્ટેમ્બર માસમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ રહી છે. ત્યારે ક્યાં ડિગ્રી કોર્સ ઓનલાઈન થઈ શકશે તે જાણવું પણ એટલું જ આવશ્યક છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા હવે ઓનલાઈન ડિગ્રી માટે કોર્ષ શરૂ કરવા જઈ રહી છે. જે માટે ૧૦ પીજી અને ૩ યુજીના અભ્યાસક્રમમાં ઓનલાઈન ડિગ્રી આપવાની શરૂઆત કરવામાં આવશે. અન્ડર ગ્રેજ્યુએટના કોર્ષમાં બી.સી.એ., બી.એ. અને બી.કોમ. જેવા અભ્યાસ માટે ઓનલાઈન ડિગ્રી આપવાની શરૂઆત કરાશે. પોસ્ટ ગ્રેજ્યુએટના કોર્ષમાં ફોરેન્સિક, સાઈબર સિક્યોરિટી, એન્વાયરમેન્ટલ સાયન્સ, ક્લાઈમેટ ચેન્જ, હિસ્ટ્રી, ઈકોનોમિક્સ જેવા વિષયમાં ઓનલાઈન ડિગ્રી આપવામાં આવશે. આ સાથે જ ગુજરાત યુનિવર્સિટી ઓનલાઈન ડિગ્રી આપતી રાજ્યની પ્રથમ યુનિવર્સિટી બનશે.

આ અંગે ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ હિમાંશુ પંડ્યાએ કહ્યું હતું કે, નેશનલ એજ્યુકેશન પોલીસી મુજબ નેશનલ ઈન્સ્ટિટ્યૂશન રેન્કિંગ ફ્રેમવર્કમાં ટોપ ૧૦૦ સંસ્થામાં સ્થાન ધરાવતી દેશની સંસ્થાઓ ઓનલાઈન ડિગ્રી માટે કોર્ષ શરૂ કરી શકે છે. ઓનલાઈન ડિગ્રીના કોર્ષમાં જે વિદ્યાર્થીઓ જોડાશે, એમણે ક્યારેય ફિઝિકલ હાજરી આપવાની જરૂર નહીં પડે. ઓનલાઈન ડિગ્રી માટે સપ્ટેમ્બર મહિનાના પ્રથમ અઠવાડિયામાં ઓનલાઈન માટેના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થશે.

# ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલાં અમદાવાદ પોલીસ એલર્ટ

**૧૪૫મી રથયાત્રામાં લોખંડી બંદોબસ્ત : ૨૦ જેટલી ટીઝર ગન વડે ક્રાઈમ બ્રાન્ચના એક ખાસ સ્કોવડ યોજાનાર રથયાત્રામાં તૈનાત રહેવાની છે**





અમદાવાદ, તા.૧૬

૧ જૂલાઈએ અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૫મી રથયાત્રા નિકળવાની છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ કે જેમના માથે ભગવાન જગન્નાથજીના રથની સંપૂર્ણ જવાબદારી રહેતી હોય છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ બને નહીં તેના માટે થઈને શહેર પોલીસે બંદોબસ્તની તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. ત્યારે આ વખતની રથયાત્રા ખુભ જ મહત્વની માનવામાં આવી રહી છે. તેની પાછળનું પણ એક કારણ છે કે કોરોના લીધે બે વર્ષથી રથયાત્રા ભક્તો વગર જ યોજાઈ હતી, અને બે વર્ષ બાદ ફરી એક વખત આ વખતે ભક્તો સાથે રથયાત્રા યોજાવાની છે. જેના લીધે શહેર પોલીસે પણ બંદોબસ્તની રૂપરેખા માં બદલાવ કર્યો છે અને વધારો પણ કર્યો છે. ૧૪૫મી રથયાત્રામાં સૌ પ્રથમ વખત કુલ ૨૦ જેટલી ટીઝર ગન વડે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓ રથયાત્રામાં સામેલ રહેશે. ભગવાન જગન્નાથજીની ૧૪૫મી રથયાત્રા આ વખતે લોખંડી સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવવાનો છે. કારણકે ૨૦ જેટલી ટીઝર ગન વડે ક્રાઈમ બ્રાન્ચના એક ખાસ સ્કોવડ રથયાત્રામાં તૈનાત રહેવાની છે. સૌ પ્રથમ વખત રથયાત્રામાં ટીઝર ગનનો ઉપયોગ કરવામાં આવશે. ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ આ ગન વડે રથયાત્રામાં હાજર રહેશે સામાન્ય રીતે આ ટીઝર ગનનો ઉપયોગ કોઈપણ આરોપીને દુરથી જબેહોશ કરવા માટે ઉપયોગમાં કરાતો હોય છે. આ ટીઝર ગન વડે ફાયર કરવાથી એક વાયર નીકળતો હોય છે અને આ વાયરમાં રહેલો ઈલેક્ટ્રિક કરંટ સામે વ્યક્તિને લાગતો હોય છે. કરંટ લાગતાની સાથે જ સામે વાળી વ્યક્તિ પાંચથી દસ મિનિટ માટે બેભાન થઈ જતી હોય છે.

# નરેશ પટેલે રાજકારણમાં જોડાવાનો નિર્ણય મોકૂફ રાખ્યો

**રાજકારણમાં આવવાથી તેઓ વહેંચાઈ જવાની ભાવના : કોઈ પણ પાર્ટીમાં જોડાઉ તો એક પાર્ટીનો થઈ જાઉં, દરેક સમાજ વચ્ચે રહીને હું કામ ના કરી શકું : નરેશ પટેલ**

રાજકોટ, તા.૧૬

ખોડલધામના ચેરમેન નરેશ પટેલ એ રાજકારણમાં જોડાવું કે નહીં તે અંગે સ્પષ્ટતા કરી દીધી છે. તેમણે જાહેરાત કરી દીધી છે કે તેમણે હાલ પુરતો રાજકારણમાં જોડાવાનો નિર્ણય મોકૂફ રાખ્યો છે. રાજકારણમાં આવવાથી તેઓ વહેંચાઈ જશે તેવી ભાવનાને ધ્યાનમાં રાખીને તેમણે આ નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. નરેશ પટેલે રાજકારણમાં આવતા પહેલા કરાવેલા સર્વેમાં શું પરિણામ આવ્યું તે અંગે પણ જણાવ્યું છે. તેમણે એ પણ જણાવ્યું કે તેઓ રાજકારણમાં નથી આવવા માગતા અને યુવાનો આગળ વધે તેવા પ્રયાસો ખોડલધામના નેજા હેઠળ કરવા માગે છે. મહત્વનું છે કે પાછલા લાંબા સમયથી ખોડલધામના ચેરમેન નરેશ પટેલ રાજકારણમાં જોડાશે તેવી અટકળો લગાવવામાં આવી રહી હતી, તેઓ ભાજપ અને કોંગ્રેસના નેતાઓ સાથે દેખાતા વિવિધ અટકળો લગાવવામાં આવી રહી હતી, આ સાથે રાજ્યમાં પહેલું પગથિયું ચઢી રહેલી આમ આદમી પાર્ટીએ પણ નરેશ પટેલને આમંત્રણ આપ્યું હતું. જોકે, તેમણે જાહેર કરી દીધું છે કે તેઓ હાલ રાજકારણમાં જોડાવા માગતા નથી.

ખોડલધામના નિર્માણથી જ આ સંસ્થા વિશ્વ સ્તરે પહોંચી છે. સર્વ સમાજના લોકો માના આશિર્વાદ લેવા આવે છે, ત્યારે સર્વ સમાજના લોકોને મારા વંદન. આટલું કહીને પોતાની વાત શરુ કર્યા બાદ રાજકારણમાં જોડાવાનો નિર્ણય મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે, હું કોઈ પણ પાર્ટીમાં જોડાઉ તો એક પાર્ટીનો થઈ જાઉં, દરેક સમાજ વચ્ચે રહીને હું કામ ના કરી શકું. આવામાં વડીલોની ચિંતા મને યોગ્ય લાગી.

## વધુ પ્રવેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળામાં પ્રવેશોત્સવ માટેનો સમય દોઢ કલાક નિયત કરવામાં આવ્યો છે. એટલુ જ નહિ આ પ્રવેશોત્સવ દરમ્યાન વિવિધ શાળા સંલગ્ન કામગીરીનો પણ અભ્યાસ પ્રવેશોત્સવ માટે જનાર અધિકારી અને પદાધિકારીએ કરવાનો છે. ગામમાં શાળામાંથી અધવચ્ચે અભ્યાસ છોડનાર બાળકોનું પુનઃ નામાંકન થાય તે માટે પણ તંત્રએ તેની તૈયારીઓ આરંભી દીધી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આગામી એક-બે દિવસમાં પ્રવેશોત્સવના રૂટ પણ તૈયાર કરી દેવામાં આવશે.

દર વર્ષે જિલ્લામાં ૧૦૦ ટકા નામાંકન થઈ રહ્યુ છે. જિલ્લામાં આ વર્ષે પણ ૧૦૦ ટકા નામાંકન તેમજ પુનઃ નામાંકન અને અને શાળાએ ન જતા બાળકોને પણ અભ્યાસ માટે શાળા સાથે જોડવાનો અભિગમ અપનાવી એક નવી પહેલને પણ સારો પ્રતિસાદ મળશે તેવો વિશ્વાસ છે.

## વૃક્ષો કપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન આડે આવતા વૃક્ષોનુ માર્કીંગ કરવા માટે જણાંવ્યુ છે. જયારે આ પ્રકારના વૃક્ષોની કટોતી પણ કરવામાં આવશે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ નગરજનોને યોગ્ય સુવિધા મળતી નથી જયારે કચરો દુર કરવાની તેમજ રખડતા ઢોરની સમસ્યાનો પણ હજુ કાયમી નિકાલ આવ્યો નથી જયારે માર્ગ સુધારણાની કામગીરીમાં પણ અણઘડ કામ થતુ હોવાનો રોષ અનેકવાર સ્થાનિકોમાં ઉઠવા પામે છે. ગ માર્ગને સિકસલેન બનાવાની તેમજ અન્ડર પાસ તૈયાર કરવાની કામગીરી પણ લાંબા સમયથી ખોરંભે પડી છે. આ કામ પુરુ થશે કે કેમ તે અંગે સ્થાનિકો પણ રોષે ભરાયા છે. ત્યારે વિકાસની વાતો વચ્ચે એક પ્રોજેકટ પુર્ણ કર્યા સિવાય અન્ય કામ હાથ ધરીને વૃક્ષોનુ છેદન કરવાની યોજનાઓ હાથ ધરાતા સેકટરવાસીઓ અને પ્રકૃતિ પ્રેમીઓ ભારે રોષે ભરાયા છે. સેકટરોના રીંગ રોડને પહોળા કરવાની આ યોજના અન્વયે અંદાજિત અત્યાર સુધીમાં ૨૫ થી વધુ વૃક્ષોનુ માર્કીંગ કરી દેવાયુ છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત ૫૦૦ જેટલા વૃક્ષોની કટોતી થશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

## વરસાદી વાદળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યુ હતુ. જયારે સવારે ભેજનુ પ્રમાણ ૭૬ ટકા રહ્યુ હતુ જયારે સાંજે ભેજનુ પ્રમાણ ઘટીને ૪૪ ટકા સુધી નીચે જતુ રહ્યુ હતુ. સતત આકાશમાં અવરજવર કરતા વરસાદી વાદળો પલવારમાં ગોરંભાય છે અને થોડીવારમાં અદ્રશ્ય થઈ જાય છે. મેઘરાજા જાણે વાદળો વચ્ચે લુપાછુપી રમતા તડકી છાયડી વચ્ચે શહેરીજનો હજુ પણ ગરમીથી અકળાઈ રહ્યા છે. હવામાન તજજ્ઞોનાના મતે આગામી ચાર પાંચ દિવસોમાં વરસાદ વરસશે તેવી પ્રબળ સંભાવના છે.

## વિરોધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગ્નિપથ સ્કીમ સામે હરિયાણાના પલવલ અને દિલ્હીના નાંગલોઈ વિસ્તારમાં ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે. પલવલમાં પ્રદર્શનકારીઓએ રસ્તા જામ કરી દીધા છે. નાંગલોઈમાં વિદ્યાર્થીઓએ ટ્રેન રોકીને વિરોધ નોંધાવ્યો છે અને યોજનાને પાછી લેવા માટેની માંગ કરી છે. બીજી તરફ ઉત્તરાખંડના પિથૌરગઢમાં પણ અગ્નિપથ યોજનાનો વિરોધ શરુ થયો છે અને વિદ્યાર્થીઓ પ્રદર્શન કરી રહ્યા છે.

## વાવણી કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિવિધ ઠેકાણે તુટેલી હાલતમાં જોવા મળે છે. જયારે આ ઠેકાણે દબાણો પણ વધી ગયા હોવાથી રખડતા ઢોર વચ્ચે ગંદકી ખદબદી રહી છે. જેના લીધે વન આરક્ષિત વિસ્તારમાં પણ હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. ત્યારે શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાના દબાણો દુર કરવા સહીત લારી ગલ્લા પણ દુર હટાવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. આ ઉપરાંત વિસ્તારને સુરક્ષિત કરવા માટે ફેન્સીંગનુ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકો રજુઆત કરી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં ચોમાસુ વાવેતરને અનુલક્ષી વન વિભાગ દ્વારા નવા રોપાઓની જાળવણી અને જતન માટે કેટલાક ઠેકાણે ફેન્સીંગ પણ નવી કરી દેવામાં આવી છે. જયારે ફેન્સીંગ તૈયાર કરવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરાયો છે. આગામી દિવસોમાં વરસાદ વરસે ત્યારબાદ વનતંત્ર દ્વારા વિવિધ ઠેકાણે શહેરમાં ૧૪ હજારથી પણ વધુ નવા રોપાઓની વાવણી કરાશે જેમાં ગુલમહોર, ગરમાળો, પીપળ જાંબુ, કણજી સહીતના વિવિધ પ્રકારના દેશીકુળના અને ઝડપી વિકાસ પામે તેવા રોપાઓની વાવણી કરવામાં આવશે જો કે છેલ્લા ઘણાં દિવસોથી વરસાદની વાટ જોવાઈ રહી છે. પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી. ત્યારે હવે વરસાદના આગમનની વાટ જોવાઈ રહી છે.

## કેસ વધ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

બીએમસીના અનુસાર મુંબઈમાં કોરોના કેસોની કુલ સંખ્યા હવે ૧૦,૮૫,૮૮૨ થઈ ગયા છે, જ્યારે મોતોની સંખ્યા વધીને ૧૯,૫૭૬ થઈ ગયા. તમને જણાવી દઈએ કે મુંબઈમાં ૫ મહિના બાદ ૨,૦૦૦ કેસ દરરોજનો આંકડો પાર થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે મંગળવારે કોરોનાના ૧૭૨૪ નવા કેસ અને ૨ના મોત થયા હતા.

## સંબોધન વગર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજેને બેઠકમાં સંબોધનનો સમય આપવામાં આવ્યો હતો. કાર્યસમિતિએ ત્રીજા સત્રમાં ૨૫ મિનિટનું તેમનું સંબોધન બીજેપીના કાર્યક્રમ લિસ્ટમાં નક્કી કર્યું હતું. તેમાં તેમનો વિષય હતો- ચાર રાજ્યોમાં ઐતિહાસિક વિજય પર અને મોદી સરકાર દ્વારા ૧૦ લાખ યુવાનોની ભરતીની નવી ઘોષણા તથા અગ્નિપથ ભરતી યોજના પર વડાપ્રધાનનું અભિવાદન. જોકે, વસુંધરા રાજે તે પહેલા જ લન્ચ દરમિયાન કાર્યક્રમ છોડીને ત્યાંથી નીકળી ગયા હતા. તેમણે પોતાનું સંબોધન પણ નહોતું આપ્યું.

## ભૂસ્ખલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાઈવે પર ટૂંક સમયમાં પરિવહન શરૂ કરવામાં નહીં આવે તો આ વિસ્તારમાં આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો ખોરવાઈ શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આસામમાં પૂરના કારણે ઊભા થયેલા સંકટનો સામનો કરવાના ઉપાયોને લઈને અધિકારીઓના એક દળ સાથે મીટિંગ કરશે.

## હળવે હૈયે

● અનુસંધાન ચોથાનું ચાલુ...

આપ્યો : 'જો ભાઈ, આનો એક જ ઉપાય છે... જયારે ઘરવાળાં ડીમાન્ડ મૂકે કે ફરિયાદ કરે ત્યારે તમારે શાંત ચિત્તે તમારી 'મન કી બાત' કરવા માંડવી... એમાં ખાસ ધ્યાન રાખવું કે ઘરવાળાના જે પ્રશ્નો હોય એનાથી જુદા જ મુદ્દા ઉપર બોલવું.... અથવા તો 'આવતા રવિવારે આપણે રીવરફ્રંટ ફરવા કે સારી રેસ્ટોરન્ટમાં ડીનર લેવા જઈશું.' એવા વચનો સંભળાવી મૂળ વાત ભૂલાવી દેવી...'

'એથી શું થાય ?' અમે પ્રશ્ન કર્યો. 'જો તમારી 'મનની વાત' કહેવાની સ્ટાઈલને મુદ્દા અસરકારક હશે તો ઘરવાળા એના પ્રભાવમાં એ સમય પૂરતા એમના મુદ્દા ભૂલી જશે.... તમારા વાયદા - વચનમાં વિશ્વાસ રાખી ભાવિ પ્રોગ્રામનાં સપનામાં જીવવા લાગશે.... અને તત્કાળ પૂરતી તમને આ સમસ્યામાંથી રાહત મળશે '!!

એમની આવી 'મન કી બાત' સંભળાવીને, એમની વાત ઉપર વિચારતા મૂકી, રેડ અંકલે હળવેથી સ્થળગમન કરી ગયા !!

## પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

."બીજ માં વૃક્ષ તું,વૃક્ષમાં બીજ તું"

ત્યારે એ સનાતન ફિલસુફી બની જાય છે...નિંદ્રાધિન માણસ કરતાં વિચારાધિન માણસની વિશ્વસનિયતા વધી જાય છે.થોડાક શબ્દફેર સાથે એમ પણ કહી શકાય કે જગતની સર્વ કડીઓમાં વિચાર ની કડી સહુ થી વડી..વિચાર એ વેદકાળનો જ હોય એવું જરૂરી નથી એમાં દેશકાળ પણ મહત્વનો ભાગ ભજવે છે...પછી એ દિર્ઘકાલિન બની જાય છે..વિચાર એ કાલિદાસનો હોય ,કે કાર્લમાર્કસનો.ગાંધીનો હોય કે લિંકનનો...રૂસોનો હોય કે રસેલનો..એમાં સમષ્ટિને સંવેદવાનો સ્પર્શ હોય છે...અને એટલે જ એની અસર આપોઆપ પમરાટ બની ને પ્રસરી જતી હોય છે!